# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-07-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## અમરનાથ યાત્રા

જમ્મુથી અમરનાથ યાત્રીઓની પ્રથમ ટૂકડી આજે બપોરે કાશ્મીર પહોંચી હતી. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આજે વહેલી સવારે જમ્મુ ખાતેના બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાની પ્રથમ ટૂકડીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ જૂથમાં યાત્રા માટે કુલ પાંચ હજાર 892 યાત્રિઓએ પ્રસ્થાન કર્યું, જેમાં બે હજાર 489 યાત્રીઓએ બાલતાલ માર્ગથી અને ત્રણ હજાર 403 યાત્રીઓ  અનંતનાગ માર્ગથી પવિત્ર ગુફા સુધી પહોંચશે.

ત્રણ હજાર 880 મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથ ધામની 38 દિવસની આ યાત્રા આવતીકાલે બંને માર્ગથી ઔપચારિક રીતે શરૂ થશે. આ વર્ષે યાત્રીઓની સલામતી માટે વધારાનાં પગલાં લેવામાં આવ્યા છે. અમરનાથ યાત્રા નવ ઑગસ્ટે શ્રાવણ મહિનાની પૂનમના દિવસે પૂર્ણ થશે.

**--------------------------------------------------------------------------------------------**

## બેલીફ – ફિક્સ મુસાફરી ભથ્થુ

રાજ્યના ન્યાયતંત્રમાં ફરજ બજાવતાં બેલીફ કર્મચારીઓનું ફિક્સ મુસાફરી ભથ્થું-**FTA** વધારીને પ્રતિ માસ 2 હજાર 500 રૂપિયા કરાયું. રાજ્ય સરકારના આ નિર્ણય અંતર્ગત બેલીફ કર્મચારીઓને હાલમાં આપવામાં આવતા માસિક 200 રૂપિયાના **FTA**માં રાજ્ય સરકારના અન્ય સંવર્ગો મુજબ વધારો કરીને ખાસ ભથ્થુ મંજૂર કરાયું છે. ગુજરાત રાજ્ય જ્યુડીશીયલ બેલીફ મંડળે કરેલી રજૂઆતને રાજ્ય સરકારે હકારાત્મક પ્રતિસાદ આપી **FTA**માં 1 જુલાઇ, 2025થી

વધારો કર્યો છે. આ નિર્ણયને પગલે રાજ્ય સરકાર પર માસિક 34 લાખ 77 હજાર તથા વાર્ષિક 4 કરોડ 18 લાખ રૂપિયાનું વધારાનું કાયમી નાણાકીય ભારણ વધશે.

----------------------------------------------------------------------------------------

## મહિલા સિનિયર હેન્ડબોલ

ગુજરાતમાં પ્રથમ વખત રમાઈ રહેલ સિનિયર હેન્ડબોલ મહિલાની રાષ્ટ્રીય સ્પર્ધાની ફાઇનલમાં ગુજરાત અને પંજાબની ટીમો પહોંચી છે આ સાથે ૨૫ રાજ્યો ટુર્નામેન્ટ માંથી બહાર થઈ ગયા છે

સેમિફાઇનલનો ટોસ કરતાં જિલ્લા શિક્ષણાધિકારીઓ સંજય પરમાર અને ભુપેન્દ્ર વાઘેલાએ કચ્છમાં શાળાકીય સ્પર્ધાઓમાં હેન્ડબોલને મજબૂત કરાશે એમ કહેતાં શુભેચ્છા આપી હતી. બંને અધિકારીઓનું આયોજકોએ સન્માન કર્યું હતું. સવારના સત્રમાં છ મેચો રમાઈ હતી, જેમાં રસાકસી જોવા મળી હતી. રાત્રે ૧૦ વાગ્યા સુધી જામેલી સ્પર્ધાએ રંગ જમાવ્યો હતો. અંતે યજમાન ગુજરાત અને લડાયક પંજાબ ફાઇનલમાં પહોંચતાં આજે ૧૦ વાગ્યે મુકાબલો થશે. સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ,જિલ્લાના અધિકારીઓ સહિતનાની ઉપસ્થિતીમાં વિજેતા સહિતના ખેલાડીઓને ટ્રોફી-ઇનામો આપવા સાથે રંગારંગ સમાપન સમારોહ યોજાશે.

----------------------------------------------------------------------------------------

## ગોવર્ધન કન્યા સંકુલ : મેડિકલ કેમ્પ

આરોગ્ય અંગે જાગરૂકતા લાવી પ્રાથમિક તબક્કે તપાસ હાથ ધરવામાં આવે તો વધતી બીમારીઓને ટાળી શકાય એવા હેતુસર  સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને મેડિકલ કેમ્પનું આયોજન શ્રી ગોવર્ધન કન્યા સતાપર સંકુલ મધ્યે કરવામાં આવ્યું હતું.

તાલુકા હેલ્થ ઓફિસ તરફથી ઉપસ્થિત રહેનાર ચાંદ્રાણી પ્રાથામિક  આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરે  ૧ લી  જુલાઈએ ઉજવાતા ડોક્ટર ડે ની માહિતી આપી, સાંપ્રત સમયમાં સ્વાસ્થ્ય અંગેની સભાનતા કેટલી જરૂરી છે એ વાત પર ભાર મૂક્યો હતો.

સવારના ૧૦ વાગ્યે શરૂ થયેલ ચેકઅપ સાંજે ૭ વાગ્યે પૂર્ણ થયું, જેમાં ધોરણ ૭ થી માંડીને કોલેજમાં અભ્યાસ કરતી વિધાર્થિનીઓ ઉત્સાહથી જોડાઈ હતી. શાળા-કોલેજની તમામ વિધાર્થિનીઓને બલ્ડ ગ્રુપ તથા હિમોગ્લોબીન ચેક કરવામાં આવ્યું, તથા વિધાર્થીનીઓના આરોગ્યને લગતી સમસ્યાઓનું નિદાન કરી સાચી માહિતી પૂરી પાડવામાં આવી હતી .

---------------------------------------------------------------------------------

## ઋષિકેશ પટેલ – GCAS નોંધણી

રાજ્યની કોલેજોમાં પ્રવેશ માટેની સમાન પ્રક્રિયા - **GCAS** અંતર્ગત નોંધણી અને પ્રવેશ માટે વધુ એક તબક્કામાં પાંચ રાઉન્ડ શરૂ કરાશે. આ વિશેષ તબક્કામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ આવતીકાલ એટલે કે 3 જુલાઇ સુધી નોંધણી કરી શકશે. ત્યાર બાદ તારીખ 7 થી 11 દરમિયાન 5 જેટલા રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી **GCAS**ની સમીક્ષા બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

---------------------------------------------------------------------------------

## માંડવી નગર સેવા સદન

માંડવીના નગર સેવા સદન ખાતે યોજાયેલી સભામાં રૂ. 45 કરોડના અંદાજપત્રને બહાલી સાથે વિવિધ વિકાસકામો મંજૂર કરાયા હતા. પ્રમુખના અધ્યક્ષપદે યોજાયેલી સામાન્ય સભામાં ટાઉન પ્લાનિંગ કમિટી બેઠક અને કારોબારીમાં રજૂ થયેલા વિવિધ ઠરાવોને સામાન્યસભા દ્વારા બહાલી આપવામાં આવી હતી. હિસાબી વિભાગ દ્વારા 2024-25ના જાન્યુ.થી માર્ચના ત્રિમાસિક હિસાબો અને વર્ષ 2025-26 માટે વિવિધ વિભાગના ખર્ચ અંતર્ગત ફાળવણી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## કચ્છ-ખેડૂતો વાવણીમાં પરોવાયા

રાજ્ય પર સર્જાયેલા બે અલગ-અલગ સિસ્ટમના પ્રભાવથી આખું અઠવાડિયું વરસાદી ગતિવિધિ જારી રહે તેવા હવામાન વિભાગના વર્તારા વચ્ચે કચ્છમાં બે દિવસથી ઉઘાડ નીકળતાં ધરતીપુત્રો વાવણીકાર્યમાં પરોવાયા છે. હવામાન વિભાગે આજથી  કેટલાંક સ્થળે મધ્યમથી ભારે વરસાદ વરસે તેવી આગાહી કરી છે.

પવનની ગતિ મંદ પડવા સાથે ઊકળાટ વધતાં ફરી એકવાર વરસાદી રાઉન્ડ આવે તેવી સંભાવના હવામાન નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.  ગઈકાલે કેટલાંક સ્થળે ઝરમર છાંટાને બાદ કરતાં ક્યાંય પણ વરસાદની હાજરી જોવા મળી નહોતી. જિલ્લામાં જ્યાં વાવણીલાયક મેઘ મહેર થઇ છે, એવા વિસ્તારમાં ખેડૂતો વાવણીના કાર્યમાં પ્રવૃત્ત બન્યા છે, જ્યાં ભારે વરસાદ પડયો ત્યાં ખેતરો જળમગ્ન હોતાં ત્યાં વાવણીકાર્ય આરંભી શકાયું નથી

---------------------------------------------------------------------------------------------

## ટેસ્ટ મેચ

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતે સંગીન શરૂઆત કરી છે. બર્મિંગહામ ખાતેની  મેચમાં ભારતે રમતને અંતે 5  વિકેટના ભોગે 310 રન કર્યા.  સુકાની શુભમન ગિલ 114 અને રવિન્દ્ર જાડેજા 41 રન સાથે રમતમાં  ચાલુ હતા.

---------------------------------------------------------------------------------------------